**ધોરણ 8 સામાજિક વિજ્ઞાન**

**ch 4**

**8th s.s**

**તારીખ : 02-10-2021**

**સમય : 0 મિનિટ** **કુલ ગુણ : 19**

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** **[4]**

1. બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં કોને આપ્યો હતો ?

(A) ફ્રેંચોએ (B) પોર્ટુગીઝોએ (C) મુઘલોએ (D) મરાઠાઓએ

**જવાબ :** (B) પોર્ટુગીઝોએ

2. "ફોર્ટ વિલિયમ" કિલ્લો પાછળથી કયા શહેર તરીકે વિકાસ પામ્યો હતો ?

(A) દિલ્લી (B) ચેન્નાઈ (C) મુંબઈ (D) કોલકાત્તા

**જવાબ :** (D) કોલકાત્તા

3. કયા શહેરને ભારતનું માન્ચેસ્ટર" કહેવામાં આવતું?

(A) અમદાવાદ (B) નાગપુર (C) સોલાપુર (D) સાંગલી

**જવાબ :** (A) અમદાવાદ

4. કઈ સંસ્થાની સ્થાપના થવાથી ભારતમાં લોખંડ-પોલાદ ઉદ્યોગને નવી દિશા મળી હતી ?

(A) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ આર્ટ્સ (B) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (C) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ (D) ઈન્ડિયન કોમર્શીયલ ઈન્સ્ટીટ્યૂટ

**જવાબ :** (C) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ

*** જોડકા જોડો.(દરેકનો 1 ગુણ)** **[3]**

5. યોગ્ય જોડકાં જોડો.

| | | |
|---|---|---|
| 1 | લોખંડ-પોલાદ ઉદ્યોગ | (A) કોલકત્તા |
| 2 | કાપડ ઉદ્યોગ | (B) જયપુર |
| 3 | ફોર્ટ સેન્ટ જ્યોર્જ | (C) જમશેદપુર |
| 4 | ફોર્ટ વિલિયમ | (D) અમદાવાદ |
| 5 | | (E)ચેન્નાઈ |

**જવાબ :** (1-C, 2-D, 3-E, 4-A)

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[4]**

6. અંગ્રેજ શાસન દરમિયાન વિકાસ પામેલા કોઈ પણ ત્રણ શહેરોનાં નામ જણાવો.

**જવાબ :** કોલકાતા, સુરત, ચેન્નાઈ, મુંબઈ, અમદાવાદ જેવા શહેરો અંગ્રેજ શાસન દરમિયાન વિકાસ પામ્યા હતાં.

7. ભારતમાં સૌ પ્રથમ રેલવે લાઈન ક્યાં બે શહેરો વચ્ચે થઈ હતી?

**જવાબ :** ભારતમાં સૌ પ્રથમ રેલવે લાઈન ઈ.સ. 1853માં મુંબઈથી થાણા વચ્ચે શરૂ થઈ હતી. (35 K.M.)

8. નવી દિલ્લીનું નિર્માણ અંગ્રેજકાળમાં કયા પહાડી વિસ્તારમાં શરૂ થયું હતું?

**જવાબ :** નવી દિલ્લીનું નિર્માણ રાયસીન પહાડી વિસ્તારમાં શરૂ થયું હતું.

9. ભારતમાં સૌ પ્રથમ કાપડમિલ કયાં શરૂ થઈ હતી?

**જવાબ :** ભારતમાં સૌ પ્રથમ કાપડમિલ ઈ.સ. 1854 માં મુંબઈમાં શરૂ થઈ હતી.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[8]**

10. અંગ્રેજ શાસનની શરૂઆતમાં ભારતીય ઉદ્યોગોની સ્થિતિ જણાવો.

**જવાબ :**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલા ભારતના ગૃહ ઉદ્યોગોનો સુવર્ણયુગ હતો. ઢાકાની મલમલ, જરીકામ, રંગકામ, છાપકામ, પીંજણ કામ વગેરે ગૃહ ઉદ્યોગોનો ભારતમાં મોટાપાયે વિકાસ થયો હતો.
- ઔદ્યોગિક ક્રાંતિના કારણે હિંદમાં બ્રિટિશ માલનો વપરાશ વધતો ગયો અને ભારતના ગૃહ ઉદ્યોગો પડી ભાંગ્યા હતા.
- આપણા સુતરાઉ કાપડના વણકરો વણાટકામ, રંગકામ જાતે જ કરતા હતા.
- કેસૂડાના વૃક્ષનાં ફૂલોનો ઉપયોગ કરીને તેઓ કપડાને રંગવાનું કામ કરતા.
- તેઓ શાળ ઉપર પડ તૈયાર કરતા. આ સમયની બાંધણી, પટોળા જેવી વણકર દ્વારા બનાવેલી સાડીઓ ખૂબ જ જાણીતી બની હતી.
- ગામડાઓમાં બીજા અનેક ગૃહ ઉદ્યોગોનો વિકાસ પણ થયો હતો.
- જેમ કે જંગલમાંથી અશુદ્ધ લોખંડને મેળવીને તેને ભઠ્ઠીમાં ઓગાળીને શુદ્ધ લોખંડ બનાવવામાં આવતું.
- પછી તે શુદ્ધ લોખંડને વેપારીઓને વેચવામાં આવતું. આવા અનેક ગૃહ ઉદ્યોગોના કારણે ભારતની ગ્રામઅર્થવ્યવસ્થા મજબૂત હતી.

11. અંગ્રેજ શાસન દરમિયાન ભારતમાં કાપડ ઉદ્યોગનો વિકાસ જણાવો.

**જવાબ :**

- પ્રાચીન સમયથી ભારતીય કાપડ - ગૃહઉદ્યોગ જગવિખ્યાત હતો.
- પણ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામ સ્વરૂપે યાંત્રિક સામગ્રીનો ઉપયોગ કરીને ઈંગ્લેન્ડે મોટા પ્રમાણમાં કાપડનું ઉત્પાદન કર્યું.
- ભારતીય કાપડ ઉદ્યોગ તેની હરીફાઈમાં ટકી ના શક્યો.
- ભારતમાં હાથ વણાટનું કામ કરનાર વણકરો બેકાર બન્યા હતા.
- ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સૌ પ્રથમ કાપડ ઉદ્યોગમાં થઈ હતી.
- ભારતમાં સૌ પ્રથમ કાપડ મિલ ઈ.સ. 1854માં મુંબઈમાં શરૂ થઈ હતી.
- પછી અમદાવાદ, નાગપુર, સોલાપુર, ચેન્નાઈ (મદ્રાસ) જેવાસ્થળોએ કાપડની મિલો શરૂ થઈ.
- એકલા અમદાવાદમાં 106 મિલો શરૂ થઈ હતી. અમદાવાદને ભારતનું માન્ચેસ્ટર ગણવામાં આવતું.
- અમદાવાદમાં ઈ.સ. 1861માં મે માસની 30મી તારીખે ગુજરાતની સૌ પ્રથમ મિલ શરૂ કરી હતી.
- ભારતમાં સોલાપુર અને દક્ષિણ ભારતમાં મદુરાઈમાં કાપડ ઉદ્યોગનો પણ વિકાસ થયો હતો.
- આધુનિક ટેકનોલોજીથી કાપડ ઉદ્યોગ શરૂ થતાં ભારતીય કારીગરો બેકાર બન્યા હતા.
- આમ છતાં ભારતની સ્વદેશી કાપડની કળા પૂરેપૂરી નષ્ટના થઈ.
- કારણ કે ભાતીગળ મનમોહક ભાતવાળી સાડીઓની કિનારી બનાવવા જટિલ વણાટકામ કરવું પડતું હતું.
- આથી આવા કારીગરોની જરૂર રહેતી. છતાં, આ શાસન દરમિયાન ભારતમાં આધુનિક કાપડ ઉદ્યોગનો નોંધપાત્ર વિકાસ થયો હતો.

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in